# "કળિયુગ પ્રભાવ - જ્ઞાનની અજ્ઞાનતાંએ - જ્ઞાને પ્રમાણ આપવું પડે"

સમયની વિષમતાં-વિચિત્રતા-વિહ્વળતાં કે વિટંબણાં એવી વિસ્મયકારક બની છે કે બાળજીવો આત્મજ્ઞાનમાં અને શાસ્ત્રોનાં સારસ્વરૂપ જ્ઞાનમાં પણ તંત્રો-મંત્રો અને તંત્રો-મંત્રોનું કારણ અને સાધન માને છે, અને એમાં બાળજીવોનો દોષ પણ નથી, જ્યારે સંસારનાં વ્યવહાર અને વ્યાપારમાં ધર્મનાં કોઈપણ કાર્યોની સફળતામાં મંત્રો, સાધનાનું કારણ અને સાધન ગણીને સફળતાં મનાવતાં હોય ત્યારે જ્ઞાનને તંત્ર-મંત્રોનું કારણ ગણે એમાં નવાઈ શું ? અને જ્યારે ''આત્મસાક્ષાત્કાર - આત્માનો અનુભવ'' એવો શબ્દજ્ઞાન જ્યારે જીવોએ જીવનભરમાં સાંભળ્યાં પણ ન હોય તો પછી જીવોને આત્મજ્ઞાન શું છે ? આત્મજ્ઞાન કેવી રીતે પ્રગટે ? અને આત્મજ્ઞાન પ્રગટે તો શાસ્ત્રો કે પુસ્તકોની જરૂર ન રહે એવી સમજણ તો હોય જ ક્યાંથી ? આપણે શ્રી નમસ્કાર મહામંત્ર ગણીએ છીએ અને મોક્ષદાતા માનીએ છીએ પણ ૩જા પદનું વર્ણન-ગુણ-સ્વભાવ-લક્ષણ અને કેવા પરીણામદાતા છે, તેની કેટલા જીવોને ખબર છે ? ૩જું પદ એજ આત્મસાક્ષાત્કારીનું આત્મજ્ઞાનીનું પદ છે. ''માટે'' આત્મજ્ઞાન અને આત્મસાક્ષાત્કાર શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય તેની સમજણ સ્વયંમ્ આત્મસાક્ષાત્કારીએ સોગંદપૂર્વક અને પ્રતિજ્ઞા સહિત આપવી પડે એજ સમયની બલિહારી અને પંચમકાળની વિચિત્રતાં છે, અને મનાય છે.

અમારૂં વ્યવહારથી ઓળખાતું નામ **રમેશચંદ્ર દલીચંદ માણેકચંદ વેજાણી**, ઉંમર વર્ષ ૫૦, ગામ ભંડારીયા (કામળીયાનું), તાલુકો-પાલીતાણા, ભાવનગર જીલ્લો, સૌરાષ્ટ્ર-ગુજરાત, હાલ મલાડ-મુંબઈ.

આજથી ૬ વર્ષ પહેલાં શ્રી પાર્શ્વનાથ પરમાત્માની સન્મુખ ભક્તિ સ્વરૂપે શ્રી તિર્થંકર પરમાત્માનું ચિંતન-મનન કરતાં-કરતાં સહજતાંથી આત્મા અને પરમાત્માની ગુણ એકતાંનાં સ્મરણે આત્માનો અનુભવ થયો કે જેમાં આત્માએ આત્માનું સ્વરૂપ જોયું, આત્માએ આત્માનો અનુભવ કર્યો, જ્ઞાન સ્વરૂપ આત્માએ જ્ઞાનઉપયોગથી આત્માને જોયો-જાણ્યો, માન્યો અને અનુભવથી અનુભવ્યો કે જેને લોક વ્યવહારથી લોકભાષામાં આત્મસાક્ષાત્કાર કહેવાય, કે જેમાં આત્માએ નિગોદમાંથી નિકળીને પ્રથમ વખત પોતાનાં આત્મ ઉપયોગને આત્મા તરફ વાળીને આત્મઉપયોગથી આત્માને નિહાળ્યો (જોયો) ત્યારપછી કર્મ રચનાં - કાર્ય સૂચિ અને ધર્મ પ્રભાવ માટેનાં સંજોગ અવસ્થા વિશેષ માનીને આત્મસાક્ષાત્કાર અવસ્થા ગોપાવીને આગળ વધતાં ધર્મ સ્વભાવથી આગળ જ્ઞાન સ્વભાવ પ્રકાશીત થયો. જ્ઞાન સ્વભાવ પ્રકાશીત થવાથી સંપૂર્ણ વ્યવહાર અને વ્યાપારનો ત્યાગ કર્યો (લગભગ આજથી ૪ વર્ષ પહેલાં).

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને રચાવેલાં શાસ્ત્રોનાં સાર સ્વરૂપ જ્ઞાન પ્રગટ થયું ''છતાં'' જૈનધર્મની જગતમાં સર્વ શ્રેષ્ઠ એવી પરંપરાગત પ્રણાલીકા અનુસાર (જ્ઞાને કરીને) જ્ઞાન અને વૈરાગ્ય ગમે તેટલો બળવાન હોય તો પણ બાળજીવોને બોધ પરિણામી થવાં માટે ત્યાગ આવશ્યક છે; તે સ્વિકારીને ઉદયકર્મને આધિન સંસારમાં રહીએ ત્યાં સુધી અત્યંત્ય ગુપ્તતાં રાખવી અને ગુપ્તપણે રહેવું તેનાં કારણે અને જ્ઞાન સ્વભાવગત અત્યંત્ય મર્યાદિત સત્સંગીઓમાં (૨૦૦) આત્મધર્મનું તત્વ અને પરિણામોની પ્રાપ્તીનું મર્યાદિતપણું મર્યાદિત જીવો સુધી સિમિત રાખ્યું છે. આ ૪ વર્ષનાં સમયગાળામાં હજારો જીવો - જૈનો - જૈનોતરો - પરિચીતો - અપરિચીતો - આધિ-વ્યાધિ-ઉપાધીથી પિડાતાં અને સંસારમાં - સંસારી, વ્યવહારી-વ્યાપારી અને આરોગ્યને અર્થે આવેલાં હતાં, શ્રધ્ધા સહિત અને શ્રધ્ધા રહિત તે સર્વ દીનદુ:ખી જીવાત્માઓને તેમનાં જ શ્રી ઈષ્ટદેવોની ભક્તિ અને તેઓ જેમને માનતા હોય તે ગુરૂની ભક્તિ સાધનાંની રીત ઉપાય સ્વરૂપ બતાવીને શ્રી પરમાત્માની કૃપાએ તેઓનાં વિઘ્નો દૂર થયા છે; થાય છે. અને જૈનોને ફક્ત શ્રી તિર્થંકર પરમાત્માની પૂજા ભક્તિ અને શ્રી નમસ્કાર મંત્રનાં ઉપયોગી સ્વરૂપે અલગ-અલગ પદોનું સ્મરણ આપીને અર્થનાં-આરોગ્યનાં અને વ્યવહારીક કાર્યોનાં ઉપાયો આપેલાં છે. અને જીવાત્માઓએ શ્રધ્ધા સહિત પરિણામો પ્રાપ્ત કર્યા છે. સર્વ દુ:ખોનાં ઉપાય સ્વરૂપે એક માત્ર ઉપાય અને સર્વ વિઘ્નહર્તા સ્વરૂપે એક માત્ર મંત્ર સ્વરૂપ **''ઓમ્ શ્રી સદ્‌ગુરૂ દેવાય્ નમ્:''**.

**લક્ષ અને ભાવ :** સર્વ જીવો શ્રી તિર્થંકર પરમાત્માની આજ્ઞાસ્વરૂપે વર્તે અને એક માત્ર શ્રી તિર્થંકર પરમાત્માની સેવા-ભક્તિ - સાધનાં - આરાધનાં કરીને; આત્મતત્વ પામીને આત્મધર્મ આરાધે. આવી રીતે સંઘનું કાર્ય હોય કે સમાજનું કાર્ય હોય, સમાધાનકારક અને મધ્યસ્થભાવે જૈનો હોય કે જૈનેતરોને શ્રી ઈષ્ટદેવની ભક્તિ આરાધનાં - શ્રી નમસ્કાર મહામંત્રોનાં પદોનું સ્મરણ, જૈનેતરોને **ઓમ નમ્: શિવાય્** અને ગુરૂ-મંદિરોમાં ભક્તિભાવથી પ્રાર્થનાનાં ફળ સ્વરૂપે ઈચ્છીત કાર્યોની ફળ સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. (જે ગુરૂ મંદિરને માનતાં હોય તે ગુરૂ મંદિરનાં દર્શન કરે) અને તેમાં એક માત્ર ફૂલથી વિશેષ કોઈપણ પ્રકારનાં અર્થનો વપરાશ કરાવ્યો નથી. અને અમે આખા જીવનમાં અને અત્યાર સુધીમાં કોઈપણ પ્રકારનાં તંત્રો-મંત્રોની જાણકારી કે સમજણ લીધી નથી, કોઈપણ પ્રકારનાં મંત્રોની સાધનાં કરી નથી અને અત્યાર સુધીમાં કોઈપણ જીવાત્માને મંત્રો કે મંત્રોની સાધનાં કરાવી નથી અને કરવાની અનુમતિ કે અનુમોદનાં આપી કે કરી નથી. આજથી બે વર્ષ પહેલાં બે તિથીનાં વિવાદનાં કારણે (સવંત્સરી મહાપર્વનાં બે અલગ-અલગ દિવસનાં નિમિત્ત કારણે) સંઘ અને સમાજમાં એકતાં અને સ્થિરતાં અર્થે **''જૈનો જાગો''** લેખાંકમાળા મુલુંડમાંથી દર બુધવારે પ્રકાશીત થતાં ગુર્જરમાતમાં શરૂ કરેલ હતી. અને તેમાં આત્માર્થી જીવાત્માઓનો અત્યંત્ય ઉત્સાહીત ભાવનાં કારણે અને આત્માર્થી જીવોની આત્મજાગૃતિનાં કારણે ૫૮ લેખાંકો લખીને પુન:મુદ્રણ કરવાની આવશ્યકતાં આવવાથી ત્યાં આગળ અટકાવીને પ્રથમ લેખાંકથી એજ લેખાંકો પુન:મુદ્રણ કર્યા છે. અને સાથે-સાથે વિશેષ આત્માર્થીઓની માંગણી અને લાગણી સ્વિકારીને તે લેખાંક સાથે-સાથે **''જ્ઞાન-સ્વભાવ''** નાં નામે નવી લેખમાળા કે જે સત્યાંશ સ્વરૂપ સત્યાંશ ક્રમાંકથી શરૂ કરેલ છે; અને બંને લેખમાળા ઈન્ટરનેટ વેબસાઈટ **www.jainojago.com** પર ઉપલબ્ધ છે; કે જે આ લેખાંક આત્માર્થીઓનાં હાથમાં આવશે ત્યારે **જૈનો જાગો**નાં લેખાંક **૨૬મો** અને **જ્ઞાન-સ્વભાવ**નો સત્યાંશ **૨૬મો** પ્રકાશીત થયેલ હશે. અને બે સવંત્સરી મહાપર્વનાં વિવાદથી સંઘ અને સમાજની એકતામાં વિરોધ ન આવે એવાં શુધ્ધભાવથી જૈનો જાગો લેખાંક નંબર ૪૧ અને ૪૨ માં અત્યંત્ય વિનમ્રતા સહિત, અપીલ-સ્વરૂપે વિનંતી શ્રી ધર્માચાર્યોને એક જૈન શ્રાવકનાં કર્તવ્ય સ્વરૂપે કરી હતી.

**સકારણ દ્વેષ એ બાળજીવનો સંસારભાવ છે.**
**''પણ''**
**અકારણ જ્ઞાનદ્વેષ એ જીવનું ચિત્તભ્રમપણું છે.**
**જ્ઞાનધર્મ સ્થાપનાર અને જ્ઞાનધર્મ આપનાર એવાં શ્રી પરમાત્મા અને જ્ઞાની પુરુષો જ્ઞાનદ્વેષી પ્રત્યે અત્યંત્ય કરૂણાંદ્રષ્ટિ રાખે છે; અને ક્ષમાનાં એ સાગર છે. ''પણ''**
**જ્ઞાનધર્મરક્ષક - શાસનરક્ષામાં કરૂણાં કે સમાધાન રાખી શકે નહીં (સમાધાન રાખે તો ધર્મરક્ષા ન થાય) 'માટે''**
**શાસનદેવી માં ભગવતી શ્રી ચક્રેશ્વરી માં શાસન રક્ષામાં સિધ્ધાંતધારી છે; સમાધાનકારી નથી.**
**''તેથી'' શ્રી તિર્થંકર પરમાત્માનાં સોગંદ લઈને કોઈપણ જીવ ખોટો ધર્મ - ખોટો માર્ગ - કે ખોટું જ્ઞાન આપે તો શાસનદેવી તત્કાળ સજા કરે છે.**
**''અને'' કોઈપણ જીવ શ્રી તિર્થંકર પરમાત્માનાં જ્ઞાનનો દ્વેષ કરે - દ્રોહ કરે - દુર્ભાવ કરે કે ઘાત કરવાની કોશિષ કરે તો શાસનદેવી ક્ષમા કે સમાધાન નથી કરતા.**

**''જૈનો જાગો''** નામક શિર્ષકનો યથાર્થ સત્યાર્થ એ છે કે જગતનાં સર્વ શ્રેષ્ઠ શ્રી તિર્થંકર પરમાત્મા ઈષ્ટદેવ સ્વરૂપે મળ્યાં, જગતનો સર્વ શ્રેષ્ઠ ધર્મ મળ્યો, તેની સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થા મળી, જગતનું સર્વ શ્રેષ્ઠ કુળ જૈન કુળ મળ્યું, તો પછી જીવો સંસારભાવમાંથી જાગીને - આત્મધર્મ પામીને - માનવભવનું સર્વ શ્રેષ્ઠપણું પ્રાપ્ત કરીએ, આનાંથી વિશેષ અને સર્વ શ્રેષ્ઠ સંજોગો આત્માર્થીને બીજે ક્યાં મળવાનાં હતાં? એવાં ભાવ સહિત મોક્ષમાર્ગનું જ્ઞાન (શાસ્ત્રોનાં સારસ્વરૂપ) **જૈનો જાગો લેખાંક**માં અને **જ્ઞાન-સ્વભાવ સત્યાંશો**માં આપેલ છે. અને તેમાં કોઈપણ જીવોનો કે ધર્મનો કે ધર્મ વ્રતોનાં વિરોધ રહિત, સંપૂર્ણ નિર્લેપભાવે યથાર્થ મોક્ષમાર્ગનું જ્ઞાન પ્રગટાવેલ છે. અને તે કાર્ય આજ સુધી નિર્વિવાદ અને નિર્વિઘ્નપણે ચાલે છે; અને તેનું કારણ શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનું નામ - શાસનદેવી શ્રી મા-ભગવતી શ્રી ચક્રેશ્વરી મા ભગવતીની અત્યંત્ય બળવાન કૃપા દ્રષ્ટિ - શ્રી સમકિતી દેવ-દેવીઓની સહજ સહાયતાં અને જગતમાં પૂર્વમાં થયેલાં અને વર્તમાનમાં વિચરતાં એવાં સર્વ સદ્‌ગુરૂ-સંતોની અત્યંત્ય બળવાન કૃપાદ્રષ્ટિ - અને કૃપાવૃષ્ટિ અને તેનાં કારણે શાસ્ત્રોમાં રહેલાં મોક્ષમાર્ગનું પ્રાગટ્ય સ્વરૂપનું જ્ઞાનનું પ્રકાશીત થઈ શક્યું છે, ''અખંડ ધારાએ અને નિર-વિઘ્નપણે''.

**જ્ઞાન અને જ્ઞાનીની કસોટી કરવી એ દોષ નથી ''પણ'' જાણ્યાં વગર કે જાણીને ઘાત કરવો એ મહાદોષ છે.**

**''આત્મસાક્ષાત્કારે જંગલ અને નગર બંને સરખાં''**

**બાળજીવોમાં એક ભ્રાંતિ છે કે આત્મસાક્ષાત્કાર જંગલોમાં થાય અને આત્મસાક્ષાત્કારી જંગલોમાં વસે, બંને માન્યતાં ભ્રમિત છે.**

**જીવ જંગલમાં કે નગરમાં ગમે ત્યાં સંપૂર્ણ બિનશરતી - શરણાગતિ શ્રી પરમાત્માની સ્વિકારે ત્યાં અને ત્યારે આત્મસાક્ષાત્કાર થાય. આત્મસાક્ષાત્કારી જંગલમાં વસે તો જ્ઞાન ધર્મ, જંગલમાં લેવાં કોણ જાય?**

**આત્મસાક્ષાત્કારી જંગલમાં વસે તો તેનો દ્વેષ કરવા જંગલમાં કોણ જાય ?**

**આત્મસાક્ષાત્કારી સંપ્રદાય સ્થાપે એ જંગલમાં કે નગરમાં ? આત્મસાક્ષાત્કાર અને એની આગળની અવસ્થાએ આત્મા-આત્માનાં ઉપયોગમાં રહે એજ આત્મસ્વભાવ સહજતાંએ અને સરળ ભાવે ધારણ થાય છે; અને જ્ઞાની જગત કલ્યાણ જંગલમાં રહીને કરે કે બાળજીવોની સાથે રહીને કરે ?**

## ''આત્મસાક્ષાત્કાર કરવા માટેનાં મુખ્ય-મુખ્ય ગુણ લક્ષણો''

**જ્ઞાની બનતાં નથી પણ જન્મે છે;**
**એ ન્યાય સિધ્ધાંત સહિત શાસ્ત્ર પ્રમાણ છે.**

આજથી ૨૦ વર્ષ પહેલાં માતા-પિતાની પસંદગીથી સંસારીક જીવન શરૂ કર્યું અને ત્યારે પછી એક વખત શ્રીમદ્ રાજચંદ્રદેવનું લખાણ (પત્રાંક સ્વરૂપનું) વાંચવામાં આવતાં, જીવન અને જગત તરફની દ્રષ્ટિ બદલાય ગઈ અને લક્ષ-ધ્યેય-જીવન કાર્યસિધ્ધી એક માત્ર આત્મસાક્ષાત્કાર બની ગઈ અને પછી આત્મલક્ષ સહિત આત્મસાક્ષાત્કાર પામવો એજ એક માત્ર જીવન ધ્યેય બન્યું અને ત્યાર પછી વ્યાપાર જીવનમાં અનેક ચડાવ-ઉતાર આવ્યાં અને અર્થ બાબતમાં કરજદારી આવી કારણ કે અર્થ વ્યવહારમાં લેતી-દેતીમાં આપવાં એ સત્ય છે, પણ લેવાની બાબતમાં ધર્મ ધારણ કરીને, કર્મ આધિન બનીને વ્યવહાર કરવાથી અત્યંત્ય વિષમ પરિસ્થિતી સર્જાય છે. અને એજ બળવાન પુરુષાર્થનું કારણ અને સાધન બને છે. અને ત્યારે - ક્રોધ - મોહ - માયા - લોભ - દ્વેષ - અહંકાર - અભિમાન - નામભાવ - માનભાવ સંસારીક સુખભાવ આદિ ત્યાગીને વૈરાગ્ય ધારણ કરીને અને સર્વ જીવોને ઉપકારી ગણીને અને કૌટુંબિક જવાબદારીમાં ઈશ્વર ઈચ્છા અને ઈશ્વરકૃપા માનીને કર્તવ્યભાવે નિભાવી. જીવનમાં અર્થનાં કારણે ક્યારેય ક્રોધ નથી કર્યો. જીવનમાં અર્થનાં કારણે ક્યારેય કપટ કે છેતરપિંડી નથી કરી. લગ્નજીવનમાં અત્યાર સુધીમાં ક્યારેય ફરવાનાં સ્થળોએ નથી ગયા, સોનાનાં દાગીનાં પહેરવાનો ઘણાં વર્ષો (લગભગ ૨૦ વર્ષ) પહેલાં ત્યાગ કર્યો. પાંચ ઈન્દ્રિયોનાં વિષયોનો - ચાર કષાયોનો અને રાગ-દ્વેષને ટાળવાનો પુરુષાર્થ ૧૪ વર્ષ સુધી સતત-જાગૃતપણે-અવિરતપણે અને લગભગ સંસારીક સબંધીઓથી દૂર રહીને જાળવ્યો (આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત થયો ત્યાં સુધી) અને પછી એ પુરુષાર્થ વૈરાગ્ય બનવાથી સહજતાથી સ્વભાવમાં પરિણમ્યો.

**આત્મસાક્ષાત્કાર પામવા માટે આત્મસાક્ષાત્કારનું લક્ષ અત્યંત્ય ગુપ્ત રાખવું પડે છે; અને એ ગુપ્તતાં એજ પરિણામની પ્રાપ્તી થાય છે. આત્મસાક્ષાત્કારમાં અલ્પ એવાં પચ્ચખાણની કે મંત્રની જરૂર નથી. બંને આત્મસાક્ષાત્કારમાં બાધક બને. (જે દોષો ટાળવાનાં છે; તે ટળે નહીં ત્યાં સુધી પુરુષાર્થ જ કરવાનો છે; અને દોષોને ટાળવા માટે આત્મીક પુરુષાર્થ જરૂરી છે, મંત્ર નહીં)**

આવી રીતે ૧૪ વર્ષનો આત્મીક પુરુષાર્થ થકી આત્મસાક્ષાત્કાર થયો-''ધર્મ સ્વભાવ બન્યો''. અને પછી આગળ વધતાં ૨ વર્ષ સુધીનાં પુરુષાર્થથી ''જ્ઞાન સ્વભાવ બન્યો''. અને ૪ વર્ષથી સત્સંગ સ્વરૂપે જ્ઞાન પ્રકાશ - જ્ઞાન પ્રભાવ અને જ્ઞાન પ્રસાર થયો.

અને તેનાં નિમિત્ત કારણ સ્વરૂપે સમાજ - સંસારીક-સ્નેહીઓ અને સત્સંગીઓનો પરમ-પરમ-અપરમપાર એવો પરમ ઉપકાર છે. તેઓએ સતત સાથ-સહકાર અને સ્નેહ આપ્યો. સમાજે અને સંસારીક કર્મ આધિન સ્નેહીઓએ જીવનમાં સતત આદરભાવથી આદર આપ્યો છે (વ્યવહારીક પ્રસંગોમાં ન જવાં છતાં દ્વેષ કે દુર્ભાવ કે અભાવ કે અપમાનિતપણું કર્યું નથી એજ સગા-સ્નેહીઓનો પરમ ઉપકાર છે).

અને પરોક્ષમાં શ્રી તિર્થંકર પરમાત્માની અમીકૃપા-સદ્‌ગુરૂ-સંતોની કરૂણાની અમૃતધારા અને સમકિતી દેવ-દેવીઓ સહિત સમકિતધારી કુળ-દેવીમાંની સહજતાંએ સહાયક દ્રષ્ટિનાં ફળ સ્વરૂપે મહાનગરમાં જ્ઞાન સ્વભાવ પ્રગટાવીને, કર્મ આધિન મહાનગરમાં જ્ઞાન પ્રકાશાવી શકાય છે. આવાં બળવાન સુખ-કારક સંજોગો જો પ્રાપ્ત ન થાય તો જીવ મહાનગરમાં આત્મસાક્ષાત્કાર પામી શકે નહીં. (દ્વેષ અને દ્વેષભાવ રહિતનું જીવન એજ પરીણામનું મુખ્ય કારણ છે.)

# “કળિયુગ પ્રભાવ - જ્ઞાનની અજ્ઞાનતાંએ - જ્ઞાને પ્રમાણ આપવું પડે”

આજથી ૮-૧૦ મહિનાં પહેલાં અમારા એક સત્સંગી શ્રાવિકા સમ્યક-દર્શન લેવાની (આપવાની) જીદ્ પકડીને વર્તતાં હતાં અને એ વર્તન લગભગ ૬ મહિનાં સુધી ચાલું રાખ્યું, એ ૬ મહિનાં દરમ્યાન તેમનાં પતિ (અમારા સત્સંગી) અને અમે તે સત્સંગી શ્રાવિકાને ઘણું સમજાવ્યું કે **સમ્યક-દર્શન આપવાથી ન અપાય, - લેવાથી સમ્યક દર્શન ન લેવાય, એતો જીવને આત્મીક ગુણોથી પ્રગટ થાય અને પ્રાપ્ત થાય. તેને માટે જીવે - આત્મીક પુરુષાર્થ - જ્ઞાનીનો શ્રધ્ધા સહિતનો આધાર - જ્ઞાનનાં ઉપયોગ સહિત વર્તનાં - અને જીવ જીવનમાં અનુભવથી અનુભવે એનું નામ સમ્યક-દર્શન કહેવાય. અને એ શાસ્ત્રો આધારીત અને ૧૪ ગુણસ્થાનક પ્રમાણનાં ભાવ-સ્વભાવ-સંસ્કારનાં આધારે સિધ્ધ થાય.** આવી ઘણી રીતે સત્સંગી શ્રાવિકાને અમે અને તેમનાં સત્સંગી પતિએ લગભગ ૬ મહિનાં સુધી સમજાવ્યું, પણ સત્સંગી શ્રાવિકા માનવા તૈયાર થયા નહીં અને આહાર અલ્પ કરીને શરીરને નબળું કરી નાખ્યું ત્યારે અમે સત્સંગી શ્રાવિકાને અને સત્સંગી શ્રાવકને તેમનાં એક સત્સંગી સ્નેહી સમક્ષ વિનંતી કરી કે થોડા સમય માટે સત્સંગમાં આવવાનું બંધ કરી દ્યો, ત્યારે સત્સંગી શ્રાવકે જણાવ્યું કે કેટલાં ભવો પછી જ્ઞાનીનો યોગ થયો છે અને આવી નાની બાબતોમાં આવો યોગ ટાળી દઈએ તો પછી આવો યોગ કેટલાં ભવો પછી મળે, આવી સમજણ અને શ્રધ્ધા સહિત સત્સંગી શ્રાવિકાનાં પતિએ સત્સંગમાં આવવાનું અને રહેવાનું વ્યાજબીપણું બતાવ્યું અને સત્સંગી શ્રાવિકાએ ન આવવું હોય તો ન આવે અને તે તેમની ઈચ્છા-મરજી પ્રમાણેનો ધર્મ કરે એવી સરળ અને સાચી સમજણવાળી સલાહ સત્સંગીએ તેમનાં પત્નીને આપી. સત્સંગી શ્રાવિકા એકલા સત્સંગમાં આવતાં બંધ થાય તો તેમને માનભંગનો ભય લાગ્યો અને માનભંગનાં ભયથી ભયભીત બન્યાં. અને તે સમયે તેમને એક તંત્રો-મંત્રોનો યોગ પ્રાપ્ત થયો અને તે તંત્રો-મંત્રો અને વશીકરણનો પ્રયોગ પોતાનાં સત્સંગી પતિ ઉપર કર્યો અને તેની સાથે-સાથે તેમનાં જે સ્નેહીઓ હતાં અને અમારા સત્સંગીઓ હતાં તેમની ઉપર પણ તંત્રો-મંત્રો અને વશીકરણનાં પ્રયોગો કરીને ચિત્તભ્રમ કર્યા અને મરણ-માંદગી અને સર્વનાશનાં ભય બતાવીને - લખાણ લખાવીને, બંધન અવસ્થામાં બાંધીને - લાચાર બનાવી દીધાં. અને શ્રી તિર્થંકર પરમાત્માની જિનભક્તિ - ગુરૂ-ભક્તિનો વિરોધ કરીને સમજણથી કે ફરજ પાડીને બંધ કરાવી. (આમ પણ જીવ શ્રી તિર્થંકર ભક્તિ - ગુરૂ-ભક્તિ અને માતા-પિતાની ભક્તિ વગરનો જીવ ચિત્તભ્રમ જેવી અવસ્થા ધરાવે છે.) આવી રીતે લગભગ ૧૫ સત્સંગીઓ કે જે તેમનાં સ્નેહીઓ હતાં તેઓને ચિત્તભ્રમ કરીને સત્સંગમાં આવતાં બંધ કર્યા. એક માત્ર સત્સંગી શ્રાવિકા સિવાયનાં સર્વ ચિત્તભંગ સત્સંગીઓ અમારે ત્યાં સત્સંગનાં છેલ્લા દિવસ સુધી સમજણ-અનુભવ સહિતની શ્રધ્ધા ધરાવતાં હતાં. અને અમારી ઉપર અનેક પ્રકારનાં આક્ષેપો કરવાનું ચાલું કર્યું અને અન્ય સત્સંગીઓને ચિત્તભ્રમ કરવાનાં અને મરણ-માંદગી અને સર્વનાશનાં ભય બતાવવાનું કાર્ય શરૂ કર્યું, પણ અમારા આશરે ૨૦૦ સત્સંગીઓમાં બળવાન દ્રઢત્વનાં કારણે એક પણ સત્સંગીને રોકી શક્યાં નહીં. ત્યારે તેઓએ સત્સંગીઓનાં અન્ય સગા-સ્નેહીઓને ભય બતાવવાનું શરૂ કર્યું. ત્યારે અમે પ્રથમ વખત સત્સંગનાં નિયમો જાહેર કરીને - છપાવીને સત્સંગી-સબંધીઓને આપ્યાં કે જે નિયમો જ્યારથી સત્સંગ શરૂ થયાં ત્યારથી લગભગ ૪ વર્ષથી અખંડપણે પાળતાં આવ્યાં છીએ કે જેમાં અપવાદે પણ છુટ-છાટ કે નિયમ ભંગ કર્યો નથી. તે નિયમો છાપ્યાં અને આપ્યાની તા. ૩-૪-૨૦૦૦ છે. જે ૫૨ નિયમો સત્સંગકર્તાને માટેનાં છે; તે અહિંયા છાપ્યાં છે.

## “જ્ઞાન પ્રગટનું નિમિત્ત કારણ”

**જે જ્ઞાનને અમે અત્યંત્ય ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરતાં હતાં તે જ્ઞાન અને જ્ઞાનનું કારણ આત્મસાક્ષાત્કારપણું અનિવાર્ય કારણ અને સંજોગ અનુસાર સમાજનાં હિતાર્થે પ્રગટ કરવું પડે છે. અમને જે આત્મસાક્ષાત્કારની અવસ્થા થકી અને તેની આગળની અવસ્થાનું “જ્ઞાન સ્વભાવ”નું જ્ઞાન પ્રકાશીત થયેલ છે. અને તેનાં ફળ સ્વરૂપ ગુણ-પ્રકાશથી અન્ય પ્રકારની અનન્ય લબ્ધીઓ જે સહજતાંથી પ્રકાશીત થયેલી છે; અને જેમાં મુખ્યે કરીને વચન સિધ્ધી - જ્ઞાન સિધ્ધી - આરોગ્ય સિધ્ધી - અર્થ પ્રદાન સિધ્ધી - મનોકામનાં સિધ્ધી - પ્રકૃતિનાં દોષ ક્ષય સિધ્ધી - પદાર્થોનાં ઈચ્છીત ગુણ-ધર્મો સિધ્ધી - ક્ષેત્ર શુધ્ધિ - સમય શુધ્ધિ - ભાવ શુધ્ધિની સિધ્ધી - પદાર્થ શુધ્ધિ આદિ અનેક સિધ્ધીઓ, પાપ-પુન્ય પ્રકૃતિનાં ક્ષય થકી અને દેહભાવ-સંસારભાવ-રહિત સદેહે મનોનાશનાં કારણે આત્મીક ગુણ લબ્ધીઓ પ્રગટ અને પ્રકાશીત થયેલ છે અને તેનાં ફળ સ્વરૂપે જ અમારા સર્વ સત્સંગીઓ નિરોગીપણું પ્રાપ્ત કર્યું છે; અને અર્થનું બળવાનપણું પામીને કુટુંબમાં આનંદ સહિત જીવન વિતાવતાં-વિતાવતાં આત્મીક કલ્યાણ પામે છે; અને પતિ-પત્ની-સહિત બાળકો પણ પરસ્પરનાં આધારથી આનંદ સહિત આત્મકલ્યાણનાં કારક સહિત કારણ બને છે.**

**“અને”**

**અમે શ્રી તિર્થંકર પરમાત્માને સોગંદપૂર્વક માથે રાખીને શ્રી ચક્રેશ્વરી માં ભગવતીને ભાવથી સાથે ધરીને અને સમકિતી દેવ-દેવીઓને સાક્ષી સ્વરૂપ માનીને પ્રતિજ્ઞાપૂર્વક સમાજનાં હિતાર્થે - બાળજીવોનાં કલ્યાણાર્થે સંઘની સાક્ષીએ - સંઘ સમક્ષ જાહેર કરીએ છીએ કે આ જીવનમાં અત્યાર સુધીમાં અમે કોઈપણ પ્રકારનાં તંત્રો-મંત્રોની કે વશીકરણની જાણકારી કે માહિતી લીધી નથી. આ જીવનમાં કોઈપણ પ્રકારનાં તંત્રો-મંત્રોની સાધનાં - આરાધનાં કરી નથી - કરાવી નથી અને કરનારનો આદર કે અનુમોદનાં કરી નથી.**

**“અને”**

**લગભગ ૪ વર્ષથી સત્સંગ શરૂ થયા પછી કોઈપણ પ્રકારનાં કોઈપણ સત્સંગીને અર્થની કે આરોગ્યની હાની થઈ નથી અને થાય પણ નહીં.**

**“માટે”** **કોઈપણ જીવોની પાસે અમારે માટેનાં કોઈપણ જીવો કોઈપણ પ્રકારનાં આક્ષેપો કરે ત્યારે તે જીવો પાસે પ્રથમ તેમનાં પ્રિય જીવો એવાં - માતા-પિતા-પતિ-પત્ની અને બાળકોનાં સોગંધ લેવડાવીને પછી જ આક્ષેપોની વાત સાંભળવી, અન્યથા ખોટી વાતો સાંભળવાથી જ્ઞાનદોષ થાય - જ્ઞાન વિરાધનાં થાય. અને જ્ઞાનઘાત થાય અને તેનું ફળ તત્કાળ વર્તમાન ભવમાં ભોગવવું જ પડે. અને અમે કોઈપણ પ્રકારનાં આક્ષેપોનો જવાબ આપવાં ગમે તે સમયે - ગમે તે ક્ષેત્રમાં અને ગમે તે જીવોની (આક્ષેપકર્તા સહિતનાં) સમક્ષ જેનાં ઈચ્છો તેનાં સોગંધ લઈને અને શ્રી તિર્થંકર પરમાત્મા ઉપર હાથ રાખીને સત્યને સત્ય સ્વરૂપથી સત્યાર્થવા તૈયાર છીએ.**

## “સત્સંગકર્તાને જ્ઞાન બંધન”

૧. સત્સંગમાં આવનાર સર્વ જીવોને પૂર્ણ સ્વતંત્રતા - પૂર્ણ નિર્ભયતા.
૨. સત્સંગનાં સમયે જીવો તેની અનુકુળતાએ આવે - અનુકૂળતા પ્રમાણે બેસે - અને અનુકૂળતા પ્રમાણે જવાની પૂર્ણ સ્વતંત્રતા.
૩. અનુકૂળતા પ્રમાણે સત્સંગોમાં આવવાની પૂર્ણ સ્વતંત્રતા.
૪. સત્સંગમાં સત્સંગકર્તાનાં ગુણો ગાવાની મનાઈ.
૫. સત્સંગકર્તાનાં નામનું કોઈપણ પ્રકારનું સ્થાપન નહીં.
૬. સત્સંગમાં સ્ત્રીઓએ પૂર્ણ સંસ્કાર મર્યાદામાં રહેવાનું.
૭. સત્સંગમાં પતિ-પત્ની બન્નેનો સાથે આગ્રહ.
૮. સત્સંગમાં પુરુષો એકલાં આવે તો ચાલે.
૯. સત્સંગમાં સ્ત્રીઓએ ભક્તિ કરવી નહીં અને કરવી હોય તો પતિની સાથે રહીને ભક્તિ કરવી.
૧૦. સત્સંગકર્તાએ કોઈપણ સત્સંગીને ઘરે કે ઓફિસે ગમે તેવાં બળવાન કારણોમાં પણ ફોન કરેલ નથી.
૧૧. કોઈપણ સત્સંગીનાં ઘરે સત્સંગકર્તા સત્સંગીઓની સાથે જાય છે અને તેમની સાથે પાછા આવે છે.
૧૨. કોઈપણ સ્ત્રીઓએ સત્સંગ સિવાય સત્સંગકર્તાનાં ઘરે આવવાનું નહીં અને આવે તો સત્સંગકર્તા મળે નહીં.
૧૩. સત્સંગકર્તાએ કોઈપણ સત્સંગી પાસેથી ક્યારેય અર્થની કે અન્ય સાધનોની માગણી કરી નથી - કરાવી નથી કે કરવાં માટેનો આગ્રહ કે સમજણ આપી નથી.
૧૪. સત્સંગકર્તાએ શ્રી તિર્થંકર પરમાત્મામાં બળવાન શ્રધ્ધા - માતા-પિતાની અને વડિલોની સેવા ભક્તિ, કુળદેવીનો પૂર્ણ આદરભાવ અને જ્ઞાનનો મહિમા સિવાય કોઈપણ પ્રકારનાં ધ્યાન-જાપ કે અનુષ્ઠાનો કે તંત્ર-મંત્રની કોઈપણ પ્રકારની સાધના કરી નથી, કરાવી નથી કે કરવા માટેની સમજણ કે વિચારણા કરી નથી.
૧૫. સત્સંગકર્તાએ નમસ્કાર મંત્રનું સ્મરણ - ઉવસ્સગહરંનું સ્મરણ અને ૐ શ્રી સદ્ગુરૂ દેવાય નમઃ નું સ્મરણ અને પ્રાર્થના સ્વરૂપે શ્રીમદ્ રાજચંદ્રજીએ રચેલી સ્તુતીઓમાંથી ૮ કડીની પ્રાર્થનાનું જ સ્મરણ આપ્યું છે.
૧૬. સત્સંગકર્તાએ સત્સંગીઓને તેમની પસંદગીનાં પૂર્વનાં થયેલાં સંત-પુરુષોનાં સ્થાપનની સલાહ આપી છે.
૧૭. સત્સંગકર્તાએ શ્રી તિર્થંકર પરમાત્માની પ્રક્ષાલ પૂજાની જીવન-ઉપયોગીતાં માટે સલાહ આપી છે.
૧૮. સત્સંગકર્તાએ સત્સંગીઓને ઘરનાં વડિલોની સાથે, વડિલોની ઈચ્છા મુજબ ધર્મ-વ્રતો કરવાની સલાહ આપી છે.
૧૯. સત્સંગકર્તાએ કંદમુળનાં ત્યાગની સલાહ સમજણ આપી છે.
૨૦. સત્સંગકર્તાએ કોઈપણ પ્રકારનાં ધર્મનો કે પરંપરાનો નિષેધ કરેલ નથી, સાચી સમજણ સહિત કરવાની સલાહ આપી છે.
૨૧. સત્સંગકર્તાએ કોઈપણ પ્રકારનો સંકલ્પ કે બાધા નિયમ કે પચ્ચખાણ આપ્યાં નથી.
૨૨. સત્સંગકર્તાએ ક્યારેય કોઈપણ સત્સંગી સાથે અર્થ વિશેની વિચારણાં કે વ્યવહાર સબંધી અર્થનો વિચાર-વિનિમય કર્યો નથી. અર્થની અફવાને કારણે ૨૭ માર્ચ ૧૯૯૯નાં દિવસે, પાર્લાનાં સત્સંગમાં સ્પષ્ટપણે શ્રી તિર્થંકર પરમાત્માને માથે રાખીને કે ૨૭ માર્ચ ૧૯૯૯નાં દિવસ સુધીમાં સત્સંગકર્તા કે તેમની પત્ની કે ૪ બાળકોનાં નામે કોઈપણ પ્રકારની અર્થની રકમ નથી, બેંકમાં ખાતા નથી અને ઈન્સ્યુરન્સ પણ ઘરનાં કોઈપણ સભ્યનો કોઈપણ પ્રકારનો નથી.
૨૩. સત્સંગકર્તાએ કોઈપણ સત્સંગી પાસે કોઈપણ પ્રકારનું ક્યારેય કોઈ લખાણ કર્યુ નથી, લખાણ કરાવ્યું નથી.
૨૪. સત્સંગકર્તા મહિનાનાં એક દિવસે કે જ્યારે માંગલિક હોય (મહિનામાં માંગલિક ફક્ત એક જ) તે દિવસે ભક્તિ સ્વિકારે છે. અન્યથા નહીં અને સત્સંગીનાં જન્મદિવસ જેનાં પ્રસંગોએ સત્સંગી - સત્સંગીઓની અને સત્સંગકર્તાની ભક્તિ સત્સંગી ભાવ પ્રમાણે કરે છે.
૨૫. સત્સંગકર્તાની ભક્તિ વિષેનો ખાસ નિયમ કે ભક્તિ વિશેષ ક્યારેય ન કરવી.
૨૬. સ્ત્રીઓએ સત્સંગનાં કારણે ક્યારેય ઘરની જવાબદારી બાળકો-વડિલોને ત્યાગીને આવવું નહીં.
૨૭. સત્સંગકર્તાએ સત્સંગીઓને સંસારીક વ્યવહાર પૂર્ણ જવાબદારી સાથે ચલાવવાની સલાહ આપી છે.
૨૮. સત્સંગકર્તાએ સત્સંગીઓને સંસારમાં શાંતિ અને આનંદમાં રહેવાની સલાહ આપી છે. અને પત્ની અને બાળકો સાથે હરવાં-ફરવાં અને ખાવાની પૂર્ણ સ્વતંત્રતા છે. કોઈપણ પ્રકારનો નિયમ કે બંધન નથી.
૨૯. સત્સંગકર્તાએ ક્યારેય સત્સંગીઓને સત્સંગકર્તાનું માન-નામ વધે એવું કરવાનું કહ્યું નથી.
૩૦. સત્સંગકર્તાએ ક્યારેય કોઈપણ સત્સંગીઓને અન્ય જીવોને લાવવાનું કહ્યું નથી.
૩૧. સત્સંગકર્તાએ ક્યારેય સત્સંગીઓને યાત્રા પ્રવાસ કે શ્રી આચાર્ય મહારાજોને મળવાનો નિષેધ કે ના પાડી નથી.
૩૨. સત્સંગકર્તાએ બાળકોનાં અભ્યાસનો નિષેધ ક્યારેય કર્યો નથી પણ અભ્યાસ સાથે સંસ્કારનો આગ્રહ સમજાવ્યો છે.
૩૩. સત્સંગીઓનાં બાળકો ઓછી મહેનતે સારા માર્ક મેળવે અને સારામાં સારી ઈચ્છીત કોલેજોમાં પ્રવેશ મેળવે છે.
૩૪. સત્સંગકર્તાએ સ્ત્રીઓને ખાસ સલાહ આપી છે કે પતિની કે ઘરનાં વડિલોની ફરિયાદ આવે તો સત્સંગમાં આવવાની મનાઈ કરી દેશે.
૩૫. સત્સંગકર્તાએ સત્સંગીઓને સંસાર સબંધી વાત કરવાની ના પાડેલ છે. અને સંસાર સબંધી નિર્ણય પતિ-પત્નીએ કરવાનો અને પતિની આજ્ઞા પત્નીએ પાળવાની.
૩૬. સત્સંગકર્તાએ સ્ત્રીઓને મનાઈ કરી છે કે પતિની ફરિયાદ ક્યારેય કરવી નહીં પણ પતિને ઉપકારી માનવા.
૩૭. સત્સંગકર્તાએ ખાસ આગ્રહ સહિત મનાઈ કરી છે કે સ્ત્રીઓએ સત્સંગક્ષેત્રની બહાર રસ્તા ઉપર સત્સંગકર્તાની સામે જોવું નહીં - હાથ જોડવા નહીં અને વાતચીત કરવી નહીં (ઓળખતાં ન હોઈએ એ રીતે)
૩૮. સત્સંગકર્તા સત્સંગીઓની કોઈપણ પ્રકારનાં વિઘ્નો (આરોગ્ય બાબત - અર્થ બાબત કે અન્ય વિઘ્નો)નાં નિવારણ ફક્ત શ્રી તિર્થંકર પરમાત્માની ભક્તિથી કે નિર્દોષ પદાર્થો થકી દુર કરાવે, તેમાં ક્યાંય તંત્ર-મંત્ર કે અર્થનો ઉપયોગ કરવાનો હોય નહીં.
૩૯. સત્સંગકર્તાને લગભગ સર્વ સત્સંગીઓનાં વડિલો એકાદ વખત તો મળેલાં છે. અને મળવાનું કારણ આરોગ્ય અર્થે.
૪૦. સત્સંગકર્તાએ છેલ્લા લગભગ એકાદ વર્ષથી સ્ત્રીઓને મળવાનું બંધ કરેલ છે. અને બંધ કરવાનું કારણ વધારે સમયનો અભાવ. અને સંસાર સબંધી ચર્ચા બંધ અને ધર્મ સબંધી સવાલો કે સમજણ સત્સંગમાં મેળવી લેવી અને પતિ-પત્નીએ જે સબંધી વાતચીત કરવી હોય તે પાંચ-દસ મિનીટમાં સાથે બેસીને કરી લેવી, જગ્યાનાં અભાવે.
૪૧. છેલ્લા એક વર્ષમાં જાહેર સત્સંગ ત્રણ : એક પાર્લામાં અને બે મુલુંડમાં.
૪૨. સત્સંગકર્તાએ સત્સંગીઓનાં બાળકોને વિશેષ સત્સંગ નહીં પણ સંસ્કારનો વિશેષ આગ્રહ અને માતા-પિતાની આજ્ઞામાં રહેવાની ખાસ સલાહ.
૪૩. સત્સંગકર્તાની સત્સંગીઓને સલાહ કે માતા-પિતાની અને સાસુ-સસરાની સેવા ભક્તિ કરવી અને સેવા-ભક્તિનાં કારણે સત્સંગમાં ન અવાય તો પણ ચાલે.
૪૪. સત્સંગકર્તાની સત્સંગીઓને પૂર્ણ નિર્ભયતા અને સ્વતંત્રતા કે સત્સંગકર્તા વિષે ગમે તે સવાલ પૂછવાનાં.
૪૫. સત્સંગકર્તાએ ક્યારેય દવાઓનો નિષેધ કરેલ નથી વડિલોની ઈચ્છા અનુસાર દવાઓ લેવાની.
૪૬. શ્રી તિર્થંકર પરમાત્માની કૃપાએ બગડેલું આરોગ્ય સુધરી જાય, બિમારી આવે નહીં.
૪૭. સત્સંગીઓનાં ચશ્માનાં નંબર અને ચશ્મા શ્રી પરમાત્માની કૃપાએ કોઈપણ પ્રકારની સાધનાં વગર નિકળી જાય.
૪૮. સત્સંગકર્તાની સત્સંગીઓને સંસારનાં સર્વ પ્રકારનાં સર્વ વ્યવહારીક અને વ્યાપારીક સબંધો અને પ્રસંગોમાં જવાની સલાહ અને મરણ-માંદગીમાં ખાસ જવાનો આગ્રહ.
૪૯. સત્સંગકર્તાને કોઈપણ પ્રકારનાં કોઈપણ બાબતની શંકા વિશેનાં કોઈપણ સવાલો પૂછવા હોય તો ૮ એપ્રિલ ૨૦૦૦ની તારીખ સુધીમાં પુછવાં, ૯ તારીખે હાલ સંજોગ અને સ્થિતીએ વ્યવહારથી છેલ્લો સત્સંગ છે. પછી શ્રી પરમાત્માની ઈચ્છએ અને કૃપા હશે તો શરૂ કરશું નહીંતર જેવી ઈશ્વર ઈચ્છા.
૫૦. ૯ એપ્રિલ ૨૦૦૦ની તારીખ પછી સત્સંગીઓએ સત્સંગકર્તાને ભુલીને પોતાનાં સંસાર વ્યવહારમાં રહેવું અને જીવનમાં યોગ હશે તો મળશું એમ માનવું. સત્સંગકર્તાને મળવું નહીં અને ફોન પણ કરવો નહીં. પ્રભુ સ્મરણ સહિત આનંદમાં જીવન વિતાવવું એજ સત્સંગનું ફળ ગણવું.
૫૧. ઉપરની દરેક બાબતોનો ખુલાસો સત્સંગકર્તા શ્રી તિર્થંકર પરમાત્માનું ચિત્રપટ કે પ્રતિમાજી હાથમાં રાખીને સોગંદપૂર્વક સત્ય પ્રકાશવાં તૈયાર છે. અને કોઈપણ સત્સંગીએ શ્રી તિર્થંકર પરમાત્માનું ચિત્રપટ કે પ્રતિમાજી હાથમાં રાખીને ઉપર જે જણાવ્યું તે સત્ય કે અસત્ય જણાવવું. સત્સંગ સત્ય નિર્ભયતા અને શ્રી તિર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા કરાવે તેનું નામ સત્સંગ.
૫૨. જેને શ્રી તિર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા-નિશંક શ્રધ્ધા હોય તેને ખોટું કરવું પડે નહીં, માટે તેઓ ખોટું બોલે નહીં. જેને ખોટું કરવું છે, જેને ખોટું બોલવું છે, તેને તંત્ર-મંત્ર-યંત્ર-વશીકરણનો ઉપયોગ કરવો પડે અને ઉપયોગ કરાવાવાળાને શ્રી તિર્થંકર પરમાત્મામાં નિશંક શ્રધ્ધા નથી. શ્રી તિર્થંકર પરમાત્માનાં ખોટા સોગંદનું ફળ જૈનો જાણે છે. ભવ-ભવાંતર સુધી શ્રી તિર્થંકર પરમાત્માનો યોગ ચૂકી જાય.

**“જીવ જગતને કન્ફ્યુઝીંગ કરે છે, “પણ” પરમાત્મા જ્યારે જીવને કન્ફ્યુઝ કરે છે; “ત્યારે” જગતની કોઈ વ્યક્તિ કે શક્તિ જીવને કન્વીન્સ કરાવી શકતી નથી.**

સત્સંગી શ્રાવિકાને અને તેમની સાથેનાં અન્ય સત્સંગીઓને શ્રી તિર્થંકર પરમાત્મા નિર્મળબુધ્ધિ કરે અને જગતનાં સંતોનાં યોગબળ થકી વિવેકજ્ઞાન - વિવેકભાન આવે અને જાણતાં-અજાણતાં થયેલો જ્ઞાનદોષથી રહિતપણું પામીને શ્રી તિર્થંકર પરમાત્માનું શરણું પકડીને આનંદભર્યું જીવન ગુજારીને આત્મકલ્યાણ પામે એવી શ્રી તિર્થંકર પરમાત્માની સાક્ષી ભાવે અત્યંત્ય વિનમ્રતા સહિત - દીનતાંપૂર્વકની અંતઃકરણથી પ્રાર્થનાં.